નવી વર્ધિત પેન્શન યોજના (NPS) અંતર્ગત તા.૨૧-૧૦-૨૦૨૨ ના ઠરાવની જોગવાઇ મુજબ કર્મચારીની અશક્તતા/અવસાનના કિસ્સામાં કર્મચારીના PPAN/PRAN ખાતામાં કર્મચારી/કર્મચારીના વારસદારોને ફાળાની જમા થયેલ રકમ તથા તેના પર મળેલ વળતર ચૂકવવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક:નપન/૧૦૨૦૨૧/૬૯૧૪/પી (પેન્શન સેલ)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 03|11|2023

વંચાણે લીધા : (૧) નાણા વિભાગના તા.૧૮-૦૩-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક :નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી

(૨) નાણા વિભાગના તા.૦૬-૦૬-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક :નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી

(૩) નાણા વિભાગના તા.૨૫-૦૬-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક :નપન-૧૦૨૦૦૯-ડી-૭૦-પી

(૪) નાણા વિભાગના તા.૨૪-૦૯-૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક :નપન/૧૦૨૦૨૧/૬૯૧૪/પી (પેન્શન સેલ)

(૫) નાણા વિભાગના તા.૨૧-૧૦-૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક :નપન/૧૦૨૦૨૧/૬૯૧૪/પી (પેન્શન સેલ)

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક-(૪) પરના ઠરાવથી નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત અશક્તતા અને ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં અશક્તતા/કુટુંબ પેન્શન મુજબ મુજબના લાભો આપવામાં ઠરાવેલ છે. તથા વંચાણે લીધેલ ક્રમાંક-(૫) પરના ઠરાવથી અશક્તતા/કુટુંબ પેન્શન મુજબના લાભો મંજુર કરવા અંગેની કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવેલ છે.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાના અંતે તા.૨૧-૧૦-૨૦૨૨ ના ઠરાવ અન્વયે અશક્તતા/અવસાનના કિસ્સામાં NPS હેઠળ કર્મચારીના PPAN/PRAN ખાતામાં કર્મચારી ફાળાની જમા થયેલ રકમ તથા તેના પર મળેલ વળતર કર્મચારી/કર્મચારીના વારસદારોને પુરેપૂરૂ ચૂકવવામાં આવેલ નથી તેવા કેસોમાં કર્મચારી ફાળાની જમા થયેલ રકમ તથા તેના પર મળેલ વળતરનું ભંડોળ કર્મચારી/કર્મચારીના વારસદારોને ચુકવવા (૧) સબંધિત ઉપાડ અને વહેચણી અધિકારીએ; નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરીએ તેમજ જિલ્લા તિજોરી કચેરી/પેટા તિજોરી કચેરી/પગાર અને હિસાબ અધિકારી કચેરીએ કરવાની કાર્યપદ્ધતિ (અ,બ,ક) (૨) નવી વર્ધિત પેન્શન યોજના અન્વયે કર્મચારી ફાળો પરત ચુકવવા અંગેનો અધિકાર પત્ર (૩) નાણા

વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૪ના ઠરાવ અન્વયે થયેલ નિયુક્તિ અંગેની ખરાઈ કરેલ હોવાનું પ્રમાણપત્ર (જોડાણ–અ) નિયત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ. પી. પટેલ)
ઉપ સચિવ
નાણા વિભાગ

**નકલ રવાના:–**

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ–૧, ૨), અમદાવાદ/રાજકોટ
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ
તમામ તિજોરી અધિકારીઓ/તમામ પેટા તિજોરી અધિકારીઓ
પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ બોર્ડ/કોર્પોરેશન/નિગમો.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
નાણા વિભાગની તમામ શાખાઓ
આઇ.ટી., કો–ઓર્ડિનેટર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે
સિલેકટ ફાઇલ પેન્શન સેલ શાખા

- પત્ર દ્વારા

| [અ] | **સંબંધિત ઉપાડ અને ચુકવણી અધિકારીશ્રીએ કરવાની કાર્યવાહી :** | |
|---|---|---|
| | ૧. | અશક્તતા/અવસાન પામેલ કર્મચારીના PPAN/PRAN માં જમા થયેલ કર્મચારી ફાળાની રકમ અંગે યોગ્ય ચકાસણી કરવાની રહેશે જે પૈકી કોઇ વિસંગતતા જણાય તો તે દુર કરવા અંગે કાર્યવાહી કરવાની રહેશે. |
| | ૨. | પેન્શન સંદર્ભે અશક્તતા/સ્વર્ગસ્થ કર્મચારીના હિસ્સાનો ફાળો તેમજ તેના પરનું વળતર પરત મેળવવા માટે PFRDA દ્વારા નિયત થયેલ Annexure II ફોર્મમાં કાયદેસરના વારસદાર પાસેથી રકમ પરત મેળવવા અંગેની બાંહેધરી મેળવવાની રહેશે તથા કચેરીના વડા ની સહી સિક્કો કરી તથા કાયદેસરના વારસદાર અંગેના નિયત નમૂનાનું પ્રમાણપત્ર (જોડાણ-અ) સામેલ રાખી નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી (DPPF) ને મોકલવાનો રહેશે. |
| | ૩. | નાણા વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૪ના ના "ઠરાવ ક્રમાંક:એનપીએમ-૧૦૨૦૧૩-થ્રુ-૨૩-૫" મુજબ કર્મચારી દ્વારા કરવામા આવેલ નિયુક્તિ મુજબના વારસદારોને રકમ ચુકવવામા આવે તેની ખાતરી કરી લેવાની રહેશે. |
| | ૪. | નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી તરફથી NPS ની ઓથોરીટી મળ્યેથી સિમ્પલ રીસીપ્ટમાં સદર 8342-00-117-03 નું બીલ તૈયાર કરવાનુ રહેશે તથા અસલ ઓથોરિટી પર "પાસ ફોર પેમેન્ટ"નો શેરો મારી બીલ સાથે સામેલ રાખી બીલ સંબંધિત જિલ્લા તિજોરી કચેરીમા રજુ કરવાનું રહેશે. |
| | ૫. | બીલનું ચુકવણું વારસદારના બેંક ખાતામાં ડિજિટલ પેમેન્ટના માધ્યમથી જ કરવાનું રહેશે તેમજ નિયમ મુજબના વારસદારને જ રકમનુ ચૂકવણું થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે. |
| | ૬. | જિલ્લા પંચાયતના કિસ્સામાં હિસાબી અધિકારી દ્વારા સિમ્પલ રીસીપ્ટમાં ફોર્મમાં સદર 8342-00-117-03 નું બીલ બનાવી આ રકમ પ્રથમ જિલ્લા પંચાયતના P.L.A. માં તબદીલ કરાવી જિલ્લા પંચાયતની માન્ય પદ્ધતિ મુજબ કર્મચારી/કર્મચારીના વારસદારના બેંક ખાતામાં રકમ જમા થાય તે રીતનું ચુકવણું કરવાનું રહેશે. P.L.A. માં આ રકમ તબદીલ થયાના ૩૦ દિવસમાં કર્મચારી/કર્મચારીના વારસદારને ચુકવણાની કાર્યવાહી પુરી કરવાની રહેશે. |

નાણા વિભાગના તા.૦૩/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:નપન/૧૦૨૦૨૧/૬૯૧૪/પી (પેન્શન સેલ) ના બિડાણ

| [બ] | **પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી (નોડલ ઓફીસ) ખાતે કરવાની થતી કાર્યવાહી :** | |
|---|---|---|
| | ૧. | સંબંધિત કચેરી પાસેથી અશક્તતા/અવસાન પામેલ કર્મચારીના PPAN/PRAN ખાતામાં કર્મચારી ફાળાની જમા થયેલ રકમ તથા તેના પર મળેલ વળતર કર્મચારી/કર્મચારીના વારસદારોને પુરેપૂરૂ ચૂકવવાની અરજી નિયત નમૂનામાં મેળવી તેની ચકાસણી કરી તેમજ કચેરીના સક્ષમ સત્તાધિકારીના સહી સિક્કા થયેલ છે કે કેમ? તે અંગેની ખાતરી કરવાની રહેશે. |
| | ૨. | કર્મચારીના અવસાનના કિસ્સામાં મૃત્યુનું પ્રમાણપત્ર તેમજ નાણા વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૪ના "ઠરાવ ક્રમાંક:એનપીએમ-૧૦૨૦૧૩-થ્રુ-૨૩-૫" મુજબ નિયુક્ત થયેલ વારસદાર દ્વારા જ દરખાસ્ત કરવામા આવેલ છે કે કેમ ? તે અંગે ખરાઈ કરવાની રહેશે. |
| | ૩. | અવસાન પામેલ કર્મચારીના PRAN ખાતામાં જમા રકમ PROTEAN (CRA) પાસેથી પરત મેળવી સરકારશ્રીના આવક સદરે નીચે મુજબ જમા કરવી.<br>➢ સરકારના ફાળાની રકમ સદર 0071-01-101-01 માં જમા કરાવવાની રહેશે.<br>➢ સરકારના ફાળાની રકમ પર મળેલ વળતર સદર 0049-04-800-01 માં જમા કરાવવાની રહેશે.<br>➢ કર્મચારીના ફાળાની રકમ તથા તેના પર મળેલ વળતરની રકમ સદર 8342-00-117-03 માં જમા કરાવવાની રહેશે. |
| | ૪. | દરખાસ્ત યોગ્ય જણાય તો આ સાથે સામેલ નિયત નમૂના મુજબની ઓથોરિટી તૈયાર કરી સંબંધિત ઉપાડ અને ચુકવણી અધિકારીશ્રીને મોકલવી તથા તેની એક નકલ સંબંધિત જિલ્લા તિજોરી કચેરીને મોકલવાની રહેશે. |
| | ૫. | ઓથોરિટી ઈસ્યુ કર્યા અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા સંબંધિત તિજોરી કચેરી/પેટા તિજોરી કચેરીમાંથી ચુકવણું થયેલ ઓથોરીટીના વાઉચર નંબર, તારીખ અંગેની નોંધ રાખવાની રહેશે. |
| | ૬. | નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ દ્વારા NPS ની ઓથોરિટી સહી કરવા માટે એક રાજ્યપત્રિત અધિકારીને અધિકૃત કરવાના રહેશે તથા તે અધિકારી દ્વારા જ ઓથોરિટી ઇસ્યુ કરવાની રહેશે. અધિકારીની સહીનો નમુનો તમામ તિજોરી કચેરીઓ/પગાર અને હિસાબ અધિકારીની કચેરી તેમજ એ.જી. કચેરી, રાજકોટને મોકલવાનો રહેશે. |
| | ૭. | ઓથોરીટી ઇસ્યુ થયા તારીખથી છ માસ માટે માન્ય (વેલીડ) રહેશે. જો કોઈ કિસ્સામાં ઓથોરીટીનું ચુકવણું છ માસમાં ન થાય તો સંબંધિત તિજોરી અધિકારી તેમજ ઉપાડ અધિકારી પાસેથી નોન પેમેન્ટ સર્ટીફિકેટ મેળવવાનુ રહેશે, ત્યાર બાદ જ ડુપ્લીકેટ ઓથોરિટી ઇશ્યૂ કરવાની રહેશે. |
| | ૮. | સદર 8342-00-117-03 હેઠળ આવક તેમજ જાવકનું એ.જી.કચેરીના હિસાબો સાથે માસિક મેળવણું કરવાનુ રહેશે. |

| [ક] | જિલ્લા તિજોરી કચેરી/પેટા તિજોરી કચેરી/પગાર અને હિસાબ અધિકારી કચેરીએ કરવાની કાર્યવાહી : | |
|---|---|---|
| | ૧. | ઉપાડ અને ચુકવણી અધિકારીશ્રી દ્વારા રજુ થયેલ NPS ના બીલની ચકાસણી કરી તેની સાથે સામેલ ઓથોરીટીની નકલની તિજોરી કચેરીને મળેલ ઓથોરીટી સાથે ચકાસણી કરવાની રહેશે. |
| | ૨. | નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ દ્વારા અધિકૃત કરેલ અધિકારીના સહીના નમુના સાથે ઓથોરિટીમાં થયેલ સહીની ચકાસણી કરવાની રહેશે. |
| | ૩. | DPPF કચેરી તરફથી મળેલ ઓથોરિટીનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તેમજ ઓથોરીટીનું ચુકવણુ થયેથી વાઉચર નંબર/તારીખ સાથે નોંધ કરવાની રહેશે. |
| | ૪. | છ માસથી વધુ સમયની વણ-ચુકવાયેલ ઓથોરીટી DPPF કચેરીને પરત મોકલવાની રહેશે. |
| | ૫. | બોર્ડ/કોર્પોરેશન/પંચાયત/નગરપાલિકા/મહાનગરપાલિકાના કિસ્સામાં નાણા વિભાગના તા.૦૭/૦૯/૨૦૧૬ ના "ઠરાવ ક્રમાંક: તજર/૧૦૨૦૧૬/૯૦ (૪૨૪૯૦૧)/ઝ"ની જોગવાઈ મુજબ ચૂકવણું કરવાનું રહેશે. |
| | ૬. | સદર 8342-00-117-03 ના હિસાબો દર માસે DPPF કચેરીને ફરજીયાત મોકલવાના રહેશે. |

# નવી વર્ધિત પેન્શન યોજના અન્વયે
# કર્મચારી ફાળો પરત ચુકવવા અંગેનો અધિકાર પત્ર

**સદર :૮૩૪૨-૦૦-૧૧૭-૦૧ : કર્મચારી ફાળો : રૂ.... ... ... ... ... ... ... ../-**

**ચુકવ્યાનું ______________ તારીખ પહેલા નહી.**

**રૂ. ______________ /- થી નીચે (અંકે રૂપિયા**

**થી નીચે**

**મૂળ નકલ (જરૂરી કાર્યવાહી સારૂ/જાણ સારૂ)**

**અધિકાર પત્ર નં................**

**પ્રતિ,**

... ... ... ... ... ... ... ... ... ... ,

... ... ... ... ... ... ... ... ... ... ,

... ... ... ... ... ... ... ... ... ... ,

**વિષય:- નવી વર્ધિત પેન્શન યોજના (NPS) અંતર્ગત નાણાં વિભાગના તા.૨૧-૧૦-૨૦૨૨ના ઠરાવની જોગવાઈ મુજબ અશક્તતા/અવસાનના કિસ્સામાં કર્મચારીના PPAN/PRAN ખાતામાં કર્મચારી ફાળાની જમા થયેલ રકમ તથા તેના પર મળેલ વળતર કર્મચારી/કર્મચારીના વારસદારોને ચૂકવવા બાબત.**

**સંદર્ભ:-** (૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : નપન-૧૦૨૦૨૧-૬૯૧૪/પી (પેન્શન સેલ) તારીખ : ૨૪-૦૯-૨૦૨૨

(૨) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : નપન-૧૦૨૦૨૧-૬૯૧૪/પી (પેન્શન સેલ) તારીખ : ૨૧-૧૦-૨૦૨૨

(3) આપની કચેરીનો પત્ર ક્રમાંક નં...................... તા... ... ... ... ...

**શ્રીમાન/મહોદયા,**

નાણા વિભાગના ક્રમાંક-(૧)ના ઠરાવથી નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત અશક્તતા અને ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં અશક્તતા/કુટુંબ પેન્શન મુજબના લાભો આપવાનું ઠરાવેલ છે તથા નાણા વિભાગના ક્રમાંક-(૨)ના ઠરાવથી અશક્તતા/કુટુંબ પેન્શન મુજબના લાભો મંજુર કરવા અંગેની કાર્યપદ્ધતિ નિયત થયેલ છે.

ઉક્ત તા.૨૧-૧૦-૨૦૨૨ ના ઠરાવમાં અશક્તતા/અવસાનના કિસ્સામાં NPS હેઠળ કર્મચારીના PPAN/PRAN ખાતામાં કર્મચારી ફાળાની જમા થયેલ રકમ તથા તેના પર મળેલ વળતર કર્મચારી/કર્મચારીના વારસદારોને પુરેપૂરૂ ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જે પરત્વે આપશ્રીના સંદર્ભ-૩ ના પત્રથી,

☐ **કર્મચારીના અશકતતાના કિસ્સામાં,**

શ્રી.............................................................................PRAN.......................

...............

માં જમા રકમ પૈકી કર્મચારી ફાળો તેમજ તેના પર મળેલ વળતર કર્મચારીને **રૂ....... ... ... ... ... ... ... ... ... ... ... ... ... /** **(અંકે... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... .............)** આપની દરખાસ્તના આધારે ચૂકવણું કરવા નીચેની (A) મુજબની શરતોને આધિન **અધિકૃતી** આપવામાં આવે છે.

**અથવા**

☐ **કર્મચારીના અવસાનના કિસ્સામાં,**

સ્વ.શ્રી.......................................................................PRAN.................

................માં જમા રકમ પૈકી કર્મચારી ફાળો તેમજ તેના પર મળેલ વળતર અવસાન પામેલ કર્મચારીના સરકારશ્રીના તા.૧૬/૦૫/૨૦૧૪ ના નોમિનેશનના ઠરાવ અન્વયે કાયદેસરના વારસદારને **રૂ....... ... ... ... ... ... ... ... ... ... ... ... /** **(અંકે... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... .............)**આપની દરખાસ્તના આધારે ચૂકવણું કરવા નીચેની (A) મુજબની શરતોને આધિન **અધિકૃતી** આપવામાં આવે છે.

**(A ) શરતો: -**

૧. ઓથોરીટી ઇસ્યુ થયા તારીખથી **છ માસ** માટે માન્ય (વેલીડ) રહેશે.

૨. આ અધિકૃતિ આધારે સિમ્પલ **રીસીપ્ટ ફોર્મ**માં બીલ બનાવી જિલ્લા તિજોરી કચેરી/પેટા તિજોરી કચેરી/પગાર અને હિસાબ કચેરીમાં સબંધિત કર્મચારી/કર્મચારીના વારસદારના બેન્ક ખાતામાં આ રકમ પગારની જેમ સીધી જ જમા થાય તે રીતે બીલ રજુ કરી ચુકવણું કરવાનું રહેશે.

3. **નાણાં વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૪ ના નોમિનેશનના ઠરાવ અન્વયે નિયમ મુજબના નોમિનેશન અંગે ખરાઈ કરી ચૂકવણું કરવાની સંપૂર્ણ જવાબદારી ઉપાડ અને ચૂકવણા અધિકારીની રહેશે.**

૪. પંચાયત/નગરપાલિકા/મહાનગરપાલિકા/બોર્ડ/કોર્પોરેશન વગેરેના કિસ્સામાં **નાણા વિભાગના તા.૦૭.૦૯.૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:તજર/૧૦૨૦૧૬/૯૦(૪૨૪૯૦૧)/ઝ**ની જોગવાઈ મુજબ ચુકવણાની કાર્યવાહી કરવાની રહેશે.

૫. ઉપાડ અધિકારીએ સિમ્પલ રીસીપ્ટ બીલ સાથે અસલ ઓથોરીટી '**પાસ ફોર પેમેન્ટ**' કરી સામેલ રાખવાની રહેશે.

૬. કર્મચારી/કર્મચારીના વારસદારના બેંક ખાતામાં નાણા જમા થયેથી તે અંગેની પાવતી કર્મચારી/કર્મચારીના વારસદાર પાસેથી મેળવી કચેરી રેકર્ડ ઉપર રાખવાની રહેશે.

૭. બીલનું ચુકવણું થઇ ગયા બાદ જિલ્લા તિજોરી કચેરી/પગાર અને હિસાબ કચેરીએ માસિક હિસાબો સાથે આ સદરના ખર્ચના હિસાબો માસિક શિડ્યુલ બનાવી વાઉચરો સાથે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીને અચુક મોકલી આપવાના રહેશે.

૮. **આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ સદરે ઉધારવાનો રહેશે.**

| | | |
|---|---|---|
| મુખ્ય સદર | ૮૩૪૨ | અન્ય થાપણો |
| પેટા મુખ્ય સદર | ૦૦ | શૂન્ય |
| ગૌણ સદર | ૧૧૭ | નક્કી કરેલ વર્ધિત પેન્શન યોજના |
| પેટા સદર | ૦૩ | નક્કી કરેલ વર્ધિત પેન્શન યોજના ટાયર – ૧ હેઠળ કર્મચારીનો ફાળો |

**આપનો વિશ્વાસુ,**

**હિસાબી અધિકારી**
(ન.વ.પે.યો.)

**નકલ રવાના પ્રતિ: –**
જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી, ... ... ... ... ... ..
તરફ જાણ તથા મૂળ ઓથોરીટી સાથે બીલ રજુ થયેથી જરૂરી કાર્યવાહી સારૂ.

(જોડાણ-અ)

## નાણા વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૪ના ઠરાવ અન્વયે થયેલ નિયુક્તિ અંગેની ખરાઈ કરેલ હોવાનું પ્રમાણપત્ર

નાણા વિભાગના તા.૨૧/૧૦/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક : નપન-૧૦૨૦૨૧-૬૯૧૪/પી (પેન્શન સેલ)થી નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત અશકતા અને ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં અશકતા/કુટુંબ પેન્શન મુજબના લાભો આપવાનું ઠરાવેલ છે. NPS હેઠળ કર્મચારીના PPAN/PRAN ખાતામાં કર્મચારી ફાળાની જમા થયેલ રકમ તથા તેના પર મળેલ વળતર કર્મચારીના વારસદારોને પુરેપૂરૂ ચૂકવવાનું રહે છે.

ઉક્ત બાબતે સ્વ.શ્રી.......................................................... PRAN:........................................................PPAN:............................................. .......ના અવસાનના કિસ્સામાં નાણા વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૪ ના "ઠરાવ ક્રમાંક:એનપીએમ-૧૦૨૦૧૩-થ્રુ-૨૩-૫" ની જોગવાઈ મુજબ નીચે મુજબના કાયદેસરના વારસદાર નિયુક્ત કરવામાં આવેલ છે તે બાબતની તેઓની સેવા રેકર્ડ/વારસાઈ પ્રમાણપત્રને આધારે ખરાઈ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

| ક્રમ નં. | નામ | સંબધ |
|---|---|---|
| | | |
| | | |
| | | |

(સક્ષમ સત્તાધિકારીની સહી/સિક્કો)